
વાપીનો એર ક્વોલિટી ઇન્ડેક્સ 156

વાપીનો સરેરાશ AQI 80થી 180 વચ્ચે નોંધાય છે જે મધ્યમથી ખરાબ ગણાય છે

સુરત : દક્ષિણ ગુજરાતના અગ્રણી ઔદ્યોગિક શહેર વાપીમાં હવા ગુણવત્તા સૂચકાંક (AQI) સતત ચર્ચાનો વિષય બન્યો છે. જીઆઇડીસી (GIDC) અને ઔદ્યોગિક એકમોના કારણે વાપી અને આસપાસના વિસ્તારોમાં વાતાવરણમાં પ્રદૂષકોનું પ્રમાણ બદલાતું રહે છે.તાજેતરના આંકડા મુજબ, ગુગલ ઇન્ડેક્સના આંકડા મુજબ વાપીનો એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) સામાન્ય રીતે 80 થી 180 ની વચ્ચે નોંધાય છે. જે 'મધ્યમ' (Moderate) થી 'ખરાબ' (Poor) શ્રેણીમાં આવે છે. વાતાવરણમાં PM2.5 અને PM10 જેવા કણોની માત્રા વધુ હોવાને કારણે હવામાં ધુમ્મસ અને પ્રદૂષણનું સ્તર અનુભવાય છે. 6 નવેમ્બરે સાંજે છ વાગ્યે આ ઇન્ડેક્સનું પ્રમાણ 156 નોંધાયો હતો. મુખ્ય પ્રદૂષકો અને આરોગ્યની ચિંતા:વાપીમાં કેમિકલ અને પેપર મિલ જેવા ઉદ્યોગોના કારણે હવામાં કાર્બન મોનોક્સાઇડ (CO), સલ્ફર ડાયોક્સાઇડ (SO2) અને નાઇટ્રોજન ડાયોક્સાઇડ (NO2) નું સ્તર સમયાંતરે વધઘટ થતું જોવા મળે છે.



AQI	હવાની ગુણવત્તા	AQI	હવાની ગુણવત્તા
0-50	સારી	201-300	ખરાબ
51-100	સંતોષકારક	301-400	ખૂબ ખરાબ
101-200	મધ્યમ	401-500	ગંભીર



દિવાળી ટાણે ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધની માંગ

ચીખલી હાઇવે ચાર રસ્તાથી કોલેજ સર્કલ સુધીના મુખ્ય માર્ગ પર આડેધડ પાર્કિંગ અને દબાણોથી વાહનચાલકો પરેશાન

ક્વોરી અને વાંસદા તરફથી આવતા ભારે વાહનોને વૈકલ્પિક રૂટ પર ડાયવર્ટ કરવા માંગ



ધેજ : ચીખલીમાં દિવાળીના તહેવારને ધ્યાને લઈ મુખ્ય માર્ગે ઉપર હાઇવે ચાર રસ્તાથી કોલેજ સર્કલ સુધીમાં ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ મૂકવાની માંગ ઊઠવા પામી છે. પોલીસ દ્વારા ભારે વાહનોને કોલેજ સર્કલ અને હાઇવે ચાર રસ્તાથી ડાઇવર્ટ કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યામાં લોકોને રાહત થાય તેમ છે.

ચીખલીમાં મુખ્ય માર્ગ પર હાઇવે ચાર રસ્તાથી કોલેજ સર્કલ સુધીના અંતરમાં ઠેર ઠેર આડેધડ પાર્કિંગ, લારી ગલ્લાવાળાઓના દબાણને પગલે ડેપો સર્કલ, સાંઇ ડેરી, બગલાદેવ સર્કલ, સર્કિટ હાઉસ અને કોલેજ સર્કલ સહિતના વિસ્તારોમાં અવાર નવાર ટ્રાફિક જામ થતો હોય છે અને ખાસ કરીને ડેપો અને બગલાદેવ સર્કલ પાસે તો ટ્રાફિકની સ્થિતિ વાહન ચાલકો માટે માથાનો દુ:ખાવો બની જતી હોય છે. તેવામાં ભારે વાહનોને પગલે ટ્રાફિકની સ્થિતિ વધુ જટિલ બનતી હોય છે. આ વિસ્તારમાં ઘણી જગ્યાએ તો રોડનો એક ટ્રેક તો આડેધડ પાર્કિંગથી જ રોકાયેલો હોય છે.

હાલે દિવાળી, નવા વર્ષના તહેવાર ટાણે લોકોની અવર જવર વધી જતી હોય તેવામાં પ્રાંત અધિકારી, ડીવાયએસપી, પીઆઇ સહિતના ઉચ્ચ અધિકારીઓ અંગત રસ દાખવી મુખ્ય માર્ગ ઉપર ક્વોરી વિસ્તાર અને વાંસદા તરફથી આવતા ભારે વાહનોને કોલેજ સર્કલથી વસુધારા ડેરી આલીપોર હાઇવે તરફ ડાયવર્ટ કરવામાં આવે અને હાઇવે ચાર રસ્તાથી કોલેજ તરફ પ્રવેશતા વાહનોને પણ અટકાવી વસુધારા ડેરી તરફ ડાયવર્ટ કરવામાં આવે તે દિશામાં કામગીરી કરવામાં આવે તો વાહન વ્યવહારના સરળતાથી વહન સાથે લોકોને ટ્રાફિકમાં મોટી રાહત થાય તેમ છે.

વાંસદાના દિવાળી હાટ બજારમાં હજારોની જનમેદની ઉમટી પડી



નિલેશ કાપડીયા

■ વાંસદા : વાંસદા પંથકમાં વર્ષોથી દર શુક્રવારે અઠવાડિક હાટ બજાર ભરાતું હોય છે. જોકે, દિવાળીના તહેવાર નિમિત્તે દિવાળીના આગલા શુક્રવારે ભરાતું હાટ બજાર વર્ષના સૌથી મોટા બજાર તરીકે ઓળખાય છે. આ બજારમાં વાંસદા ઉપરાંત ચીખલી, ધરમપુર, વલસાડ, નવસારી, આહવા-ડાંગ, સુરત તેમજ મહારાષ્ટ્રના નાના-મોટા વેપારીઓ વેપાર અર્થે આવતા હોય છે અને સારી એવી રોજગારી મેળવી લેતા હોય છે. દિવાળીના આ વિશેષ હાટ બજારને લઈને વહેલી સવારથી જ વેપારીઓએ પોતાની દુકાનો અને સ્ટોલ ગોઠવી દીધા હતા. દિવાળીની ખરીદી માટે વાંસદા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડતાં સમગ્ર બજાર વિસ્તારમાં ભારે ભીડ જોવા મળી હતી. બજારમાં વધતી જનમેદનીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા મુખ્ય માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવ્યો હતો, જેથી ખરીદી કરવા આવતા લોકોને મુશ્કેલી ન પડે. મોટી સંખ્યામાં લોકોની અવરજવર અને સારી ઘરાકી રહેતાં વેપારીઓમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

વલસાડનો શખ્સ પાંચ જિલ્લામાંથી તડીપાર

ચીખલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાને ધ્યાને લઈ નવસારી, સુરત, વલસાડ, તાપી અને ડાંગમાંથી તડીપાર કરાયો

ધેજ : નવસારી જિલ્લામાં જાહેર શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ મનીષ ગુરવાણીના નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ચીખલી નિશાંત કુગસીયા દ્વારા એક ઇસમ સામે હદપારીની કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ હેમીલભાઈ ધર્મેશભાઈ પટેલ, (રહે. છરવાડા દંત્રાઈ ફળીયા, તા.જિ.વલસાડ), વિરુદ્ધ ચીખલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો હતો. જેની ચીખલી પોલીસ ઇન્સ્પેક્ટર તરફથી નાયબ પોલીસ અધિક્ષક, ચીખલી વિભાગ, મારફત મળેલી દરખાસ્ત અને થયેલી સુનાવણી બાદ આ ઇસમને તડીપાર કરવા હુકમ કરવામાં આવ્યો છે.

આ ઇસમને નવસારી, સુરત, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાઓની હકુમતમાંથી એક વર્ષ માટે હદપાર કરવાનો તથા નવસારી, સુરત, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાઓના વિસ્તારમાં પ્રવેશ અને હાજરી ઉપર પ્રતિબંધ મૂકવાનો હુકમ કરવામાં આવ્યો છે. નાગરિકોને, જાહેર ત્રાસદાયક કૃત્યો કે ઇસમો કાયદો વ્યવસ્થા કે સુલેહ શાંતિનો ભંગ કરતા જણાઈ આવે તો મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, પ્રાંત અધિકારીનો સંપર્ક કરવા જણાવાયુ છે.

વાંસદામાં દિવાળીના હાટ બજારમાં થેલી કાપી પર્સમાંથી રોકડની ચોરી

વાંસદાના દિવાળીના હાટ બજારમાં ભીડનો લાભ લઈને કાપડની થેલી કાપી રૂપિયા ૪૮૦૦ ની ચોરી કરી મહિલા ફરાર



નિલેશ કાપડીયા

વાંસદા : વાંસદા પંથકમાં ભરાતા દિવાળીના હાટ બજારમાં કાપડની થેલી કાપી રૂપિયા ૪૮૦૦ ની ચોરી કરી અજાણી મહિલા ફરાર થઈ ગઈ હતી.

વાંસદા પંથકમાં દર વર્ષે દિવાળીના આગલા શુક્રવારે પરંપરાગત હાટ બજાર ભરાતો હોય છે. જેમાં લોકો ખરીદી કરવા ઉમટી પડતા હોય છે. આવા સમયે બજારમાં ભારે ભીડનો લાભ લઈને કેટલાક તસ્કરો પણ સક્રિય થઈ ચોરીની ઘટનાઓને અંજામ આપતા હોય છે. ત્યારે ખાટાઆંબા ગામનાં દર્શના પઢેર પોતાના પરિવાર સાથે દિવાળીની ખરીદી કરવા આવ્યાં હતાં. આ દરમિયાન બપોરે વાંસદા દશેરા પાર્ટી વિસ્તારમાં તેઓ ખરીદી કરી રહ્યાં હતાં ત્યારે પાછળથી આવેલી એક અજાણી મહિલાએ તેમના હાથમાં રહેલી કાપડની થેલીને કોઈ ધારદાર વસ્તુ વડે કાપી નાખી હતી. ત્યારબાદ થેલીમાં રાખેલા પર્સમાંથી રૂપિયા ૪,૮૦૦ની રોકડ રકમ ચોરી કરી અજાણી મહિલા ફરાર થઈ ગઈ હતી. ખરીદી દરમિયાન પરિવારનું ધ્યાન ન રહેતાં થેલીમાંથી રોકડ રકમ કાઢતી વખતે ચોરી થયાની જાણ થઈ હતી. પરિવારજનોએ શંકાસ્પદ મહિલાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો નહોતો. આખરે દર્શનાબેને આ અંગે વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં ૧૪ વર્ષીય સગીરા પર દુષ્કર્મ ગુજારનાર આરોપીના જામીન ફગાવાયા

વલસાડ : વાપી વિસ્તારમાં ૧૪ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચરવાના ગંભીર કેસમાં આરોપીની નિયમિત જામીન અરજી સ્પેશિયલ પોક્સો અદાલતે ફગાવી દીધી છે. ડુંગરા પોલીસે દાખલ કરેલી ચાર્જશીટ બાદ આરોપીએ જેલમુક્ત થવા પ્રથમ વખત કરેલી જામીન અરજી કોર્ટે સરકારી વકીલની દલીલોને આધારે નામંજૂર કરી છે. આરોપી મેરાજ એહમદ ફિરોઝ ખાને સગીરાને પોતાની જાળમાં ફસાવી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે ફરિયાદ નોંધાતા આરોપી મેરાજ એહમદ ફિરોઝ ખાનની ધરપકડ કરી હતી. પોલીસ સમગ્ર મામલે તપાસ પૂર્ણ કરી અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. ચાર્જશીટ ફાઇલ થયા બાદ આરોપીએ મુક્ત થવા માટે પ્રથમ વખત રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. આ જામીન અરજીની સુનાવણી વાપીના સ્પેશિયલ પોક્સો જજ ડો. એચ. એન. વકીલની કોર્ટમાં હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન ડી.જી.પી. અનિલ ત્રિપાઠીએ ફરિયાદ પક્ષે દલીલો કરી હતી. દલીલો અને કેસના પુરાવાઓને ગ્રાહ્ય રાખી, આરોપી મેરાજ એહમદ ફિરોઝ ખાનની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો આદેશ કર્યો છે.

વલસાડ રેલવે સ્ટેશને ટ્રેનમાં ચડતી વખતે મુસાફરનો મોબાઈલ ચોરાયો

વલસાડ : વલસાડ તાલુકાના પારનેરા બ્રાહ્મણ ફળિયા રહેતા અને અભ્યાસ કરતા ૨૨ વર્ષીય યુવક રીતીક પુજારીએ વલસાડ રેલવે પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેઓ વલસાડથી ભરૂચ જવા માટે જનરલ ટિકિટ લઈને પ્લેટફોર્મ નંબર ૨ પર હાજર હતા. સવારે ટ્રેન નંબર ૨૨૯૫૩ ગુજરાત એક્સપ્રેસ પ્લેટફોર્મ પર આવી પહોંચી હતી. મુસાફરોની ભારે ભીડ વચ્ચે તેઓ ટ્રેનના પાછળના જનરલ કોચમાં ચડવા જઈ રહ્યા હતા ત્યારે ચોરે તેમના પેન્ટના પાછળના ખિસ્સામાંથી રૂપિયા ૧૫,૦૦૦ની કિંમતનો સેમસંગ મોબાઈલ સેરવી લીધો હતો. ટ્રેનમાં ચડ્યા બાદ ખિસ્સામાં તપાસ કરતા મોબાઈલ ફોન ન જણાતા તેમણે તપાસ હાથ ધરી હતી, પરંતુ ફોન મળી આવ્યો નહોતો. પેસેન્જરોની ભીડની તકનો લાભ ઉઠાવી અજાણ્યો ઈસમ મોબાઈલ ચોરી ગયો હોવાની ખાતરી થતાં તેઓએ આ અંગે પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હતી.

પારડીમાં રૂપિયા ૩ કરોડના ખર્ચે DGVCLની કચેરીનું ઉદ્ઘાટન

નવી કચેરીથી વિસ્તારના વીજ ગ્રાહકો, ખેડૂતો અને ઉદ્યોગકારોને સરળતાથી અને ઝડપથી સેવાઓ પ્રાપ્ત થશે- મંત્રી કનુભાઈ દેસાઈ



અમૃત પટેલ

પારડી : દીપોત્સવના પાવન પર્વ નિમિત્તે પારડી ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) ની પારડી ગ્રામ્ય તથા શહેર પેટા વિભાગીય કચેરી રૂપિયા 3 કરોડથી વધુના ખર્ચે નવનિર્મિત અદ્યતન કચેરીનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કચેરીનું ઉદ્ઘાટન નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીજીવીસીએલ અધિકારી દ્વારા મંત્રી કનુભાઈનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું અને ત્યારબાદ દીપ પ્રગટાવી કચેરીનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

કોટલાવ ગ્રામ પંચાયત સામે, રેલવે સ્ટેશન રોડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી નીરવ પટેલ, મામલતદાર, જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશ પટેલ, પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનીત પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલ પટેલ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરી પટેલ, વાપી VIA પ્રમુખ સતીશ પટેલ, પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ સહિત વિવિધ સરપંચો, અગ્રણીઓ અને DGVCLના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સમગ્ર દેશમાં જ્યારે દીપોત્સવનો ઉત્સવ શરૂ થઈ રહ્યો છે, ત્યારે આપણા દક્ષિણ ગુજરાતમાં અને ખાસ કરીને પારડીમાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીના બે પેટા વિભાગીય કચેરી પારડી શહેર અને પારડી તાલુકાનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ નવી કચેરીના કારણે અનેક વીજ ગ્રાહકોને ખૂબ મોટો ફાયદો થશે. વીજ કંપનીના કર્મચારીઓ અને ગ્રાહકોમાં જે ઉત્સાહ જોવા મળી રહ્યો છે તે સરાહનીય છે.

આ કચેરીથી ખેડૂતો, વીજ ગ્રાહકો અને ઉદ્યોગકારોને લાભ થશે.

જાહેર નોટીસ કમ જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, નીચે જણાવેલ ખેતીની જમીન સંયુક્ત ખાતે ચાલી આવેલ છે જે મીલકતનાં રેકર્ડ ઉપર ચાલી આવેલ મોટા ભાગેનાં ખેડૂત ખાતેદારોએ હમારા અસીલ કલ્પેશભાઈ મગનભાઈ પટેલ રહે. સામાપોર, તા. જલાલપોર, જી. નવસારીનાઓને વેચાણ હકકે આપવા માટે સાટાખત યાને બાનાખત અને એમ.ઓ.યુ./સમજૂતિ કરાર લખી આપી આ મીલકત હસ્તાંતરણ માટેની વચન વિશ્વાસ અને બાંહેધરી આપેલી અને અમુક ખેડૂત ખાતેદારોએ હમારા અસીલ પાસેથી એડવાન્સ રકમ પણ અવેજ પેટે વસુલ કરેલ છે.

હાલમાં સદર મીલકતના રેકર્ડ ઉપર ચાલી આવેલ ખાતેદારો પૈકી અમુક ખાતેદારોએ હમારા અસીલને પોતાના વચન અનુસાર પોતાના હિસ્સાનો વેચાણ દસ્તાવેજ પણ નોંધાવી પણ આપેલ છે, જ્યારે બીજા ખાતેદારો નજીકનાં ભવિષ્યમાં પોતે ભારત મુકામે આવી ગયા બાદ વેચાણ દસ્તાવેજ નોંધણી કરી આપવા માટે આશ્વાસન આપી રહેલા છે.

આ કામે કેટલાંક અસમાજીક અને લેભાગુ તત્વો મૂળ ખેડૂત ખાતેદારોને ભરવામી રહેલા છે અને હમારા અસીલ સાથે કરાર થયા બાદ પણ બીજા ઈસમોને આ મીલકત પધરાવી દઈ પોતે મોટો હિસ્સો પડાવી લેવા માટે પ્રયત્નશીલ થયેલા છે. જેથી હમારા અસીલ વતી તમામ જાહેર જનતાને આ નોટીશ થકી ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત જમીનો બાબતે કોઈપણ ઈસમ, સંસ્થા, પેઢી કે બેંક અને કંપનીએ હમારી પરવાનગી વગર કોઈપણ પ્રકારનો વ્યવહાર, લખાણ, સાટાખત-બાનાખત, વેચાણ દસ્તાવેજ, મોરગેજ ડીડ કે અન્ય કોઈપમ મીલકત હસ્તાંતરણને લગતા લખાણો કરવા નહીં. આ મીલકત બાબતે મૂળ ખાતેદારો પૈકી મહતમ ખાતેદારોએ સહી-શાખ-સંમતિ હમારા અસીલને કરી આપેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. આમ, કોઈપણ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે બેંક અથવા કંપની હમારી પરવાનગી વગર કોઈપણ લખાણ કરશે કે મીલકત હસ્તાંતરનાં કૃત્યો કરશે તો તેમના વિરૂધ્ધ હમારા અસીલેનાછુટકે અને નાઈલાજ કાયદેસરનાં પગલાં ભરવા પડશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

:: મીલકતનું વર્ણન ::

મોજ મોગાર, તા. જી. નવસારી મુકામે આવેલ ખેડખાતની સંયુક્ત માલીકીની ખેતીની જમીન જેના લાગતા-વળગતા હકક-હિત-અધિકાર સહિતની.

અનુ નં.	ખાતા નં.	બ્લોક/ સર્વે નં.	ક્ષેત્રફળ હે-આરે-ચો.મી.	આકાર વિ. પૈસા	વણ-વહેંચાયેલો હિસ્સો (ચો.મી.)
૧.	૮૮	૪૩૭	૧-૬૯-૯૭	૧૬.૫૬	૧૨.૧૪
૨.	૮૮	૪૩૮/૧	૦-૫૬-૬૬	૬.૬૨	૦૪-૦૪

તા. ૬-૧૧-૨૦૨૬ **સંદીપ આર. ચોડવડીયા** (એડવોકેટ)
ઓ. આકાશગંગા કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, સુઝુકી શો-રૂમના પાછળ, નવસારી-ગ્રીડ રોડ, નવસારી. મો.: 9099453757

TIME TECHNOPLAST LTD.
Bringing Polymers To Life
CIN: L27203DD1989PLC003240
Regd. Office: 101, 1st Floor, Centre Point, Somnath Daman Road, Somnath, Dabhel, Nani Daman, Dadra and Nagar Haveli, Daman and Diu (U.T.) 396 210
Corp. Office: 55, Corporate Avenue, Saki Vihar Road, Andheri (E), Mumbai - 400 072 Website: www.timetechnoplast.com; Email: investors@timetechnoplast.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER & HALF YEAR ENDED 30TH SEPTEMBER 2026
(₹ In Lakhs)

S No.	Particulars	Standalone					Consolidated				
		Quarter Ending 30.09.2026 (Unaudited)	Quarter Ending 30.09.2025 (Unaudited)	Half Year Ending 30.09.2026 (Unaudited)	Half Year Ending 30.09.2025 (Unaudited)	Year Ended 31.03.2026 (Audited)	Quarter Ending 30.09.2026 (Unaudited)	Quarter Ending 30.09.2025 (Unaudited)	Half Year Ending 30.09.2026 (Unaudited)	Half Year Ending 30.09.2025 (Unaudited)	Year Ended 31.03.2026 (Audited)
1	Revenue from operations	99,839	73,974	1,86,522	1,38,220	2,88,042	1,99,419	1,51,111	3,68,691	2,86,376	6,10,520
2	Net Profit for the period after tax	6,916	5,819	12,533	10,302	21,807	14,613	11,544	26,235	21,054	46,872
3	Total Comprehensive Income	6,916	5,819	12,533	10,302	21,828	14,758	11,499	26,380	21,008	47,266
4	Equity Share Capital (Face Value of ₹ 1 each)	4,936	4,539	4,936	4,539	4,936	4,936	4,539	4,936	4,539	4,936
5	Reserves (excluding Revaluation Reserve) as per Audited Balance Sheet of the previous year					2,79,151		-			4,03,894
6	Earnings Per Share (Face Value of ₹ 1 each)										
	a. Basic	1.40	1.28	2.54	2.27	4.65	2.96	2.54	5.31	4.64	9.99
	b. Diluted	1.40	1.28	2.54	2.27	4.65	2.96	2.54	5.31	4.64	9.99
7	Net Worth excluding Revaluation reserve	2,89,216	1,94,326	2,89,216	1,94,326	2,84,087	4,27,551	3,04,337	4,27,551	3,04,337	4,08,830
8	Outstanding Debt	52,657	57,946	52,657	57,946	61,832	55,773	60,140	55,773	60,140	63,944
9	Debt Equity Ratio	0.18	0.30	0.18	0.30	0.22	0.13	0.20	0.13	0.20	0.16
10	Debt Service Coverage Ratio	5.29	5.34	5.00	4.70	4.81	9.58	7.28	8.30	6.59	6.62
11	Interest Service Coverage Ratio	13.84	8.64	12.16	7.92	8.57	17.63	10.41	15.37	9.69	11.30

Notes: The above is an extract of the detailed format of Quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites www.bseindia.com and www.nseindia.com and www.timetechnoplast.com

Place : Mumbai
Date : 5th November 2026

For TIME TECHNOPLAST LIMITED
Bharat Kumar Vageria
Managing Director (DIN: 00183629)

